રાજ્યની સરકારી તથા ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તાસ દીઠ માનદ વેતનથી(પ્રવાસી શિક્ષક) શિક્ષણ કાર્ય કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૨૧૪-૨૧૩-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૦-૧-૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૪-૧૨-૨૦૧૪નો પત્ર ક્રમાંક: માધ્યમિક/નવી બાબત/૨૦૧૪/૧૪૮૫૫-૫૬.

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૧-૧-૨૦૧૫નો પત્ર ક્રમાંક : ધ/માધ્ય/અનદ.૧/નવીબાબત/૨૦૧૫/૧૯૪૯-૫૦

(૩) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણનો તારીખ ૨૩-૧૨-૨૦૧૪નો પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ચ-૧/નવી બાબત/૧૪-૧૫/૪૫૮૦-૮૨.

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણનો તારીખ ૧-૪-૨૦૧૫નો પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ચ-૧/ચાલુ બાબત/૧૫-૧૬/૮૦૬

(૫) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૮-૧૨-૨૦૧૪ નો પત્ર ક્રમાંક : ઉમશ/ઉમા-૧/૨૦૧૪-૧૫/૯૯૮૯-૯૦.

(૬) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૮-૧૨-૨૦૧૪ નો પત્ર ક્રમાંક : ઉમશ/ઉમા-૧/૨૦૧૪-૧૫/૯૯૯૧-૯૨.

(૭) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૯-૧-૨૦૧૫નો પત્ર ક્રમાંક : ઉમશ/ઉમા-૧/નવીબાબત/૨૦૧૪-૧૫/૪૧૯-૨૦.

(૮) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૦-૧-૨૦૧૫ નો પત્ર ક્રમાંક : ઉમશ/ઉમા-૧/નવીબાબત/૨૦૧૪-૧૫/૪૩૬-૩૭.

(૯) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૦-૪-૨૦૧૫ નો પત્ર ક્રમાંક : ધ/માધ્ય/ધ.૧/નવીબાબત/૨૦૧૫/૬૨૮૬.

(૧૦) શિક્ષણ વિભાગનો તારીખ ૨૧-૧૨-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૦૧૪-૧૪૦-ગ.

ઠરાવ:

રાજ્યના આદિજાતિ, બિન આદિજાતિ તથા ખાસ અંગભૂત યોજના હેઠળ રાજ્યની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તથા RMSA શાળાઓમાં તાસ દીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકો પાસે શિક્ષણ કાર્ય માટે નાણા વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ના

અંદાજપત્રમાં જોગવાઇ કરવાની સૈધ્ધાંતિક મંજૂરી મળેલ. પરતુ, શરતચૂકથી જે તે સમયે માત્ર બિ સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા પ્રાથમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકો માટે અંદાજપત્રમાં જોગવાઇ થયેલ. જ્યારે સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, RMSA શાળાઓ તથા બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકો માટે અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે જોગવાઇ થઇ શકેલ ન હતી. અગાઉ પ્રાથમિક શાળાઓમાં તાસ દીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકો દ્વારા શિક્ષણ કાર્ય કરવા માટેની જોગવાઇને વહીવટી મંજૂરી આપવા કાગળો નાણા વિભાગને રજૂ કરતાં, નાણા વિભાગે આ બાબતે નીતિ વિષયક નિર્ણય થયા બાદ વહીવટી મંજૂરી અર્થે કાગળો રજૂ કરવા જણાવેલ. વિભાગના વંચાણે લીધા ક્રમાંક : (૧૦) ના તારીખ ૨૧-૧૨-૨૦૧૫ના ઠરાવથી રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તાસ દીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય માટે પ્રવાસી શિક્ષકો માટે નીતિ વિષયક નિર્ણય લેવાયેલ છે. નાણા વિભાગની સુચના અન્વયે વહીવટી મંજૂરી અર્થે કાગળો પુનઃ નાણા વિભાગને રજૂ કરતાં, નાણા વિભાગે પ્રાથમિક શાળઓ માટે EDN - New તથા EDN-૧૮ હેઠળ થયેલ બજેટ જોગવાઇ પૈકી નીચે જણાવેલ સદરો હેઠળ EDN-૧૮ અને EDN-૧૯ ની માંગણી ક્રમાંક : ૯, ૯૫ અને ૯૬ની મૂળ જોગવાઇ સામે સુધારેલ અંદાજના દરખાસ્તોમાં સમાવેશ કરવામાં આવનાર જોગવાઇમાંથી ખર્ચ કરવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે.

વિગતો	EDN	માંગણી નંબર	બજેટ સદર	યોજના
પ્રાથમિક શાળાઓ	NEW	૯	૨૨૦૨-૦૧-૧૦૬-૧૯	પ્રાથમિક શાળાઓમાં તાસ દીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકો પાસે શિક્ષણ કાર્ય કરાવવા બાબત
		૯૫	૨૨૦૨-૦૧-૧૦૬-૦૯	
		૯૬	૨૨૦૨-૦૧-૭૯૬-૪૪	
સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને RMSA શાળાઓ	૧૯	૯	૨૨૦૨-૦૨-૧૦૯-૦૧	સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને RMSA શાળાઓમાં તાસ દીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકો પાસે શિક્ષણ કાર્ય કરાવવા બાબત
		૯૫	૨૨૦૨-૦૨-૧૦૯-૦૨	
		૯૬	૨૨૦૨-૦૨-૭૯૬-૦૫	
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ	૧૮	૯	૨૨૦૨-૦૨-૧૧૦-૦૧	બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતા માધ્યમિક
		૯૫	૨૨૦૨-૦૨-૧૧૦-૦૧	
		૯૬	૨૨૦૨-૦૨-૭૯૬-૦૨	

				શાળાઓમાં તાસ દીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકો પાસે શિક્ષણ કાર્ય કરાવવા બાબત

શરતો :-

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે.દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણા વિભાગની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ સુધારેલ બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારની આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ઉપર કોષ્ટકમાં દર્શાવેલ સદર હેઠળ થયેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે.

આ હુકમો, વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૧૨-૧-૨૦૧૬ ની નોંધથી મળેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.બી.દેતાણી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)